# ગુરુપૂર્ણિમા માટે શાસ્ત્રોના શ્લોકો

ભારતના પવિત્ર શાસ્ત્રો સદીઓથી શીખવે છે કે જીવનનો મુખ્ય ધ્યેય છે, પોતાના આત્મા અને પરમાત્મા વચ્ચેના એકત્વને ઓળખી લેવો. ઉત્કૃષ્ટ આનંદ અને કરુણાથી છલકાઈ રહેલું આ જ્ઞાન, આત્મસાક્ષાત્કારી ગુરુની કૃપા અને શ્રીગુરુએ દર્શાવેલા માર્ગ પર શિષ્યના નિષ્ઠાપૂર્વકના પ્રયત્નોથી પ્રાપ્ત થાય છે.

સાચો શિષ્ય, શ્રીગુરુ પાસેથી જે પ્રાપ્ત કરે છે તેના અપાર મૂલ્યને સમજે છે અને અર્પણના અભ્યાસનો વિકાસ કરે છે. સંસ્કૃત ભાષામાં અર્પણનો અર્થ છે શુદ્ધ સંકલ્પ સાથે આપવું. અર્પણનો સાચો અર્થ એ છે કે જેમાં શિષ્ય, શ્રીગુરુને નિઃસ્વાર્થ પ્રેમ અને શુદ્ધ, સુસ્પષ્ટ સંકલ્પ સાથે અર્પણ કરે.

આ વિભાગમાં પ્રસ્તુત કરેલાં શાસ્ત્રોના શ્લોકો એ વર્ણન કરે છે કે અર્પણ કેવા ભાવ અને સંકલ્પ સાથે કરવું જોઈએ અને એ પ્રગટ કરે છે કે આવા ભાવ સાથે કરેલું આપવાનું આ કૃત્ય આપનારને પરમાત્મા સાથે એકત્વના સામ્રાજ્ય તરફ દોરી જાય છે. શાસ્ત્રના શ્લોકોના ઉપદેશોનું અધ્યયન, તેનું ગાન અને તેને આત્મસાત્ કરવાનો અભ્યાસ કરવો એ શ્રીગુરુનું પૂજન-અર્ચન કરવાની અને શ્રીગુરુએ પ્રદાન કરેલા અમૂલ્ય જ્ઞાનનું સન્માન કરવાની એક રીત છે.

© ૨૦૧૯ એસ.વાય.ડી.એ. ફાઉન્ડેશન®. સર્વાધિકાર સુરક્ષિત.